# 26. બે દષ્ટાંતકથાઓ

## સ્વાધ્યાય

### 1. નીચેના પ્રશ્નોના એક–એક વક્યોમાં ઉત્તર લખો :

**1) ‘છેલ્લે રહ્યા દોઢ પાશેર!’ દ્રષ્ટાંતકથામાં કયા દેશનો પ્રસંગ વર્ણવ્યો છે.**

- ‘છેલ્લે રહ્યા દોઢ પાશેર !’ દ્રષ્ટાંતકથામાં જર્મન દેશનો પ્રસંગ વર્ણવ્યો છે.

**2) આપણામાં કેવી મનોવૃત્તિ દ્રઢ થઈ ગઈ છે ?**

- આપણા ભલાનાં કામો આપણે જાતે ન કરી શકીએ, એ તો સરકાર જ કરી શકે, એવી મનોવૃત્તિ આપણામાં દ્રઢ થઈ ગઈ છે.

**3) રાજાને પોતાના પ્રશ્નનો મર્મ ક્યારે સમજાયો ?**

- એક શેર બરફ બધા પ્રધાનોના હાથમાંથી પસાર થઈને રાજાના હાથ સુધી પહોંચે ત્યાં સુધીમાં બરફ દોઢ પાશેર જ રહ્યો હોય છે. એ રીતે રાજ્યની તિજોરીમાંથી પ્રજાના વિકાસનાં કાર્યો માટે ફાળવેલા રૂપિયાનું બરફ જેવું છે. આ કિસ્સા પરથી રાજાને પોતાના પ્રશ્નનો મર્મ સમજાયો.

**4) ‘છેલ્લે રહ્યા દોઢ પાશેર !’ દ્રષ્ટાંતકથામાંથી પ્રગટ થતો બોધ જણાવો.**

- ‘છેલ્લે રહ્યા દોઢ પાશેર !’ દ્રષ્તાંતકથામાંથી પ્રગટ થતો બોધ એ છે કે સરકાર મારફત બધા કામો કરાવવાં જતાં સરકારી તંત્રમાંથી અને લાંબીપસંદર વિધિઓમાંથી પસાર થવું પડે છે. આથી પ્રજાને તેનો સાવ ઓછો લાભ મળે છે. આથી સરકારનાં એક-એક કામ ધીરે ધીરે જનતાએ જાતે કરવાં જોઈએ.

### 2. નીચેના પ્રશ્નોના બે - ત્રણ વક્યોમાં ઉત્તર લખો :

**1) પંચાસરના લોકોને ગોળ-ચણા શા માટે આપવામાં આવતાં ?**

- રાધનપુર વિભાગમાં દખત કુકાળ પડ્યો હતો. લોકોને પૂરતું અનાજ મળતું નહોતું; આથી એ જ વિભાગમાં આવેલ પંચાસર ગામના લોકોને દર અઠવાડિયે ગોળ-ચણા આપવામાં આવતા.

**2) ધૂળી તથા તેની દીકરી શું કામ કરતાં ?**

- ધૂળી લાકડાના ભારા ને ઘાસ ઊંચકી લાવતી અને તેની દીકરી તળાવમાં ખોદવાનું કામ કરતી.

**3) પચીસ વીઘાં જમીનનું ધૂળીએ શું કર્યું ?**

- ધૂળીએ પછીસ વીઘાં જમીન કૂતરાંને રોટલા ખવદાવવા તથા પરબડી બાંધવા માટે દાનમાં આપી દીધી.

**4) બચતના રુપિયા ધુળીએ ક્યાં ખરચ્યાં ?**

- બચતના રૂપિયામાંથી ચાંદી લઈ ધૂળીએ રામજી મંદિરમાં ભગવાનનો મુગટ કરાવવામાં તથા પોતાના ગામમાં એક પરબ કરાવવા પાછળ ખરચ્યા.

## 3. નીચેના પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો :

**1) ધૂળીએ બળદ શાથી વેચી દીધા ? તેન અપૈસાનું તેણે શું કર્યું ?**

- ધૂળીને એક દિકરો હતો એ મરી ગયો. એ પછી તેનો ધણી પણ મરી ગયો. તેને વિચાર આવ્યો કે તેના મૃત દીકરા અને પતિની પાછળ કંઈક કરવું જોઈએ, કેમ કે તેમના પતિનું મૃત્યુ થયું ત્યારે તેઓ ઘરડા નહોતા. તેમણે જીવનમાં ખૂબ મહેનત-મજૂરી કરી હતી. આ બળદ તો પતિના હતા એનું હવે હું શું કરું ? – એ વિચાર આવતાં જ ધૂળીએ બળદ વેચી દીધા. બળદના છસો રુપિયા આવ્યા. એ રૂપિયા પોતાના ગામના વણિક ગૃહસ્થ લહેરચંદભાઈને આપીને કયું. “શેઠ, મરનારનું ભલુ થાય એવા કામમાં એ રૂપિયા વાપરો.”

**2) લેખક ધૂળી વિશે મનોમન શું વિચારે છે ?**

- ધૂળી સાથે વાત કર્યા પછી લેખકના મનમાં પ્રશ્ન ઉઠે છે કે આ બાઈમાં સર્વસ્વ સમર્પણ કરવાની આ શક્તિ ક્યાંથી આવી હશે ? આટલી ઊંચી ધર્મબુદ્ધિ તેણે ક્યાંથી મેળવી હશે ? પછી લેખક ધૂળી વિશે મનોમન વિચારે છે જે “મહેનતમાંથી, પરસેવાનું જ અહું ખાઈશ,” – એવી ભાવનામાંથી તેનામાં લોકસેવા અને દાનવૃત્તિ પ્રગટ્યાં હશે. આ પરમાર્થવૃત્તિ ધૂળીની શ્રમનિષ્ઠામાંથી પેદા થઈ હશે.